આ હેકેથોનમાં પ્રથમ ઈનામ તરીકે કે.જે. સોમૈયા કોલેજના પ્રથમ ચિંત્રટેની ટીમ અને આત્મીય યુનિવર્સિટીના મહેશ ગોડવાણીની ટીમને, દ્વિતીય ઇનામ વિશ્વકર્મા કોલેજના મિહિર પટેલની ટીમ અને સિલ્વર યુનિવર્સિટીના ઉત્કર્ષ બારડની ટીમને, તૃતીય ઈનામ **ITRAM** ના નિમિષ ચેતનની ટીમ અને આત્મીય યુનિવર્સિટીના તહર હાથી ટીમને મળ્યા હતા. ત્રણે ટીમોને પરસ્પર ૪૦૦૦૦ જેટલી ઈનામ રાશી પણ અર્પણ કરવામાં આવી હતી તેમજ આવા ઘણા પ્રોબ્લમ્સ સોલ્વ કરવાના ઈનોવેટીવ વિચારોને આગળ લઈ જવા માટે **ATMIYA SSIP FUND** માંથી રૂ. ૨૦૦૦૦૦ સુધીની રકમ આપવાની પણ જાહેરાત આ હેકેથોનમાં કરાઈ હતી. આ હેકેથોનમાં **SSIP, IIC, ISTE, IEEE SMART CITY, EC-COUNCIL, RACE TO ZERO WASTE, NEERI, WiCyS, MONO STEEL, CSIR- INDIA** નો સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ ઈન્વેન્ટમાં પ્રાસંગિક ઉદ્દબોધક તરીકે રીયલ એન્ટરપ્રીનોર અને સમાજના આદર્શ એવા બાલાજી વેફર્સના ચેરમેન ચંદુભાઈ વિરાણી રહ્યાં હતા. તેમજ ઈન્વેન્ટનું સમાપન આરોહી એમ્બેડેડ સિસ્ટમ પ્રા.લી. ના ચેરમેન પરેશ બાબરીયાએ કર્યું હતું. આ ઈન્વેન્ટમાં ઈન્ટરનેશનલ સ્પીકર તરીકે **RACE TO ZERO WASTE** ના ડાઈરેક્ટર ઓફ કોમ્યુનીકેશન તરીકે રહેલ હેડન સ્લોઅન રહ્યાં હતા.

પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ અને આત્મીય યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો. શિવ ત્રિપાઠી, પ્રો ચાન્સેલર ડો. શીલા રામચંદ્રાન, રજીસ્ટ્રાર ડો. ડી.ડી.વ્યાસ ના માર્ગદર્શન હેઠળ સી.આર.આઈ.ટી. ડાઈરેક્ટર ડો. આશિષ કોઠારી, એન્જીનીયરીંગ વિભાગના ડીન ડો. યજ્ઞેશ શુક્લા, આઈ.કયું.એ.સી. કોર્ડિનેટર પ્રતીક મુંજાણી, ડેપ્યુટી સી.ઓ.ઈ. ડો. વિશાલ વોરા, એસો. ડીન ડો. મનહર કગથરા દરેક એન્જીનીયરીંગ વિભાગના વડાશ્રીઓએ આ ઇન્વેન્ટને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

| ATMIYA UNIVERSITY | NAAC – Cycle – 1<br>AISHE: U-0967 | |
|---|---|---|
| | Criterion 3 | R, I & E |
| | KI 3.6 | M 3.6.1 |

Page No. 13

વોઈસ ઓફ ડે

Date: 14/09/2024 Saturday

# આત્મીય યુનિવર્સિટી દ્વારા ‘અન્વેષણા’ હેકેથોન-2024 યોજાઈ

વોઈસ ઓફ ડે । રાજકોટ

વિશ્વ અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ થઈ રહ્યું છે ત્યારે વિદ્યાર્થીઓ અરસ- પરસ સહકારથી ટેકનેલોજીના આદાન-પ્રદાન વડે ટેકનીકલ નવીનતમ રીતો શીખી શકે, ટેકનોલોજી સથવારે સમાજ કલ્યાણ, રાષ્ટ્ર કલ્યાણ તથા ઈન્ડસ્ટ્રીના નવા-નવા ઉદ્દભવતા પ્રોબ્લમ્સ સોલ્વ કરી શકે, જુદી-જુદી ઈવેન્ટ્સમાં પાર્ટિસિપેટ કરી વિદ્યાર્થીઓ સ્માર્ટ ઈન્ડિયા હેકેથોન તેમજ નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલની ઈવેન્ટોમાં ભાગ લઈ સમાજ અને રાષ્ટ્રનું ગૌરવ વધારી શકે એવા સુચારૂ ઉદેશ્યથી આત્મીય યુનિવર્સિટીમાં સતત છ વર્ષથી હેકેથોન યોજાઈ રહી છે. નોંધનીય છે કે સમસ્ત શૈક્ષણિક સંસ્થાઓમાં અજોડ એવી આત્મીય ઈન્સ્ટિટ્યૂટ ૨૫ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા આ શૈક્ષણિક ઈવેન્ટ યોજાઈ હતી.

આ હેકેથોનમાં સમગ્ર ભારતમાંથી ૫૫૦ કરતા વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ૧૫૯ જેટલી ટીમો બનાવી ટીમવર્ક કર્યું હતું. ટેકનીકલ દ્રષ્ટીએ જટિલ ગણાતા ૩૯ પ્રોબ્સને સોલ્વ કરવા વિદ્યાર્થીઓએ સતત ૩૬ કલાક અથાગ મહેતન કરી હતી. ટેકનીકલ ક્ષેત્રે નિષ્ણાંત એવા ૩૮ જ્યુરી મેમ્બર્સ આ હેકેથોનમાં પાર્ટિસિપેટ વિદ્યાર્થીઓને જજ કરવા આવ્યા હતા.



**સતત 36 કલાક સમાજ અને ઈન્ડસ્ટ્રીઝના મૂંઝવતા પ્રોબ્લેમ્સને વિદ્યાર્થીઓએ પ્રોટોટાઈપ પ્રેક્ટિકલ મૉડેલ, હાર્ડવેર તેમજ કોડીંગથી સોલ્વ કર્યા**

આ હેકેથોનમાં પ્રથમ ઈનામ તરીકે કે.જે. સોમૈયા કોલેજના પ્રથમ ચિત્રટેની ટીમ અને આત્મીય યુનિવર્સિટીના મહેશ ગોડવાણીની ટીમને, દ્વિતીય ઈનામ વિશ્વકર્મા કોલેજના મિહિર પટેલની ટીમ અને સિલ્વર યુનિવર્સિટીના ઉત્કર્ષ બારડની ટીમને, તૃતીય ઈનામ ITRAM ના નિમિષ ચેતનની ટીમ અને આત્મીય યુનિવર્સિટીના તહર હાથી ટીમને મળ્યા હતા. ત્રણે ટીમોને પરસ્પર ૪૦૦૦૦ જેટલી ઈનામ રાશી પણ અર્પણ કરવામાં આવી હતી તેમજ આવા ઘણા પ્રોસ સોલ્વ કરવાના ઈનોવેટીવ વિચારોને આગળ લઈ જવા માટે ATMIYA SSIP FUNDમાંથી રૂા.૨૦૦૦૦૦ સુધીની રકમ આપવાની પણ જાહેરાત આ હેકેથોનમાં કરાઈ હતી.

Registrar
Atmiya University
Rajkot



Atmiya University ★ Rajkot ★

| ATMIYA UNIVERSITY | NAAC – Cycle – 1<br>AISHE: U-0967 | |
|---|---|---|
| | Criterion 3 | R, I & E |
| | KI 3.6 | M 3.6.1 |

**Anti Corruption Seminar 2023-2024**

૨૦ અકિલા મંગળવાર તા.૧૨-૧૨-૨૦૨૩



# આત્મીય યુનિવર્સિટી દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અંગે પરિસંવાદનું આયોજન

Registrar
Atmiya University
Rajkot



Atmiya University Rajkot

| 11 | સાંજ સમાચાર | તારીખ: 11/12/2023<br>સોમવાર |
|---|---|---|

### આત્મીય યુનિ. તથા યુ.એન.જી.સી.એન.આઈ.ના ઉપક્રમે

# ભ્રષ્ટાચાર નિવારણ અંગે પરિસંવાદ યોજાયો

### સમાજને ભ્રષ્ટાચાર મુક્ત કરવો હોય તો શરૂઆત આપણાથી જ કરવી પડે છે પૂ. ત્યાગવલ્લભ સ્વામી



રાજકોટ, તા.૧૧

દિન-પ્રતિદિન સમાજમાં વધતા ભ્રષ્ટાચારથી ચિંતિત આત્મીય યુનિ. અને નેશનલ ગ્લોબલ કોમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયા દ્વારા ઓફલાઈન અને ઓનલાઈન એમ બન્ને માધ્યમોથી ભ્રષ્ટાચાર સામે વૈશ્વિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. આ પરિસંવાદમાં હ્યુમેનિસ્ટિક મેનેજમેન્ટ નેટવર્ક, રિસ્પોન્સિબલ યુએન પ્રિન્સિપલ્સ ફોર મેનેજમેન્ટ એજ્યુકેશન, એન્ટી કરપ્શન વર્કિંગ ગ્રુપ, ક્વોલિટ્ઝ ઈન્ડિયા, શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસો. અને રોટરી કલબ ઓફ પ્રાઈમ જેવી અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો ભરપૂર સાથ અને સહકાર સાંપડ્યો.

પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીએ આશિર્વાદ આપતા જણાવેલ કે, સમાજને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવું હોય તો તેની શરૂઆત આપણાથી જ કરવી પડે પછી જ પરિવાર, સમાજ અને રાષ્ટ્ર ભ્રષ્ટાચાર મુક્ત બને આવા શુભ સંદેશ સાથે દિપપ્રાગટ્યથી આ કાર્યક્રમની શરૂઆત થઈ. આ પરિસંવાદના અધ્યક્ષ તરીકે આત્મીય યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. શિવકુમાર ત્રિપાઠીએ ભ્રષ્ટાચાર વિરુધ્ધ લડવામાં આવનારૂ ભવિષ્ય શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિ.ઓમાં ભણતા વિદ્યાર્થીઓની મહત્વની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમમાં યુએન ગ્લોબલ કોમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયાના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર રત્નેશ ઝાએ ભ્રષ્ટાચારના કેટલાક તારણો ઉદાહરણો સાથે જણાવ્યા હતા. જીસીએનઆઈના ડેપ્યુટી ડાયરેક્ટર ડો. સોમનાથસિંહે સરકારના કેટલાક ભ્રષ્ટાચાર વિરોધી કાયદાઓ અને તેમાં રહેલી જોગવાઈઓ પર પ્રકાશ પાડ્યો હતો.

પેનલ ચર્ચા બાદ, ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલના ભૂતપૂર્વ મુખ્ય ડેલિયા ફરેરા રૂબિયોના પ્રતીકાત્મક વક્તવ્ય સાથે ઓનલાઈન વૈશ્વિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. પેનલને આ ક્ષેત્રના અનેક પ્રતિષ્ઠિત વૈશ્વિક વિદ્વાનો દ્વારા સંબોધિત કરવામાં આવી હતી. જેમાં પ્રો. ડો. યુલ્ફગેંગ સી આમાન, એચ.ઇ.સી. પેરિસ, પ્રો. ક્રિશ્ચિયન હાઉઝર, એપ્લાઈડ સાયન્સ યુનિ. સ્વિટ્ઝર્લેન્ડ, પ્રો. અગાટા સ્ટેચોવિઝસ્ટેનસક, કેનેડિયન યુનિ. ઓફ દુબઈ અને પ્રો. ડો. કાપરિયાકોસ કુર્વેલિયોટિસ, બર્લિન સ્કુલ ઓફ બિઝનેસ એન્ડ ઈનોવેશન વગેરે હતા. આ પેનલનું સંચાલન આત્મીય યુનિ.ના વાઈસ ચાન્સેલર પ્રો. શિવ ત્રિપાઠીએ કર્યું હતું. જ્યારે મહેમાનોનું સ્વાગત આત્મીય યુનિ.ના રજીસ્ટ્રાર ડો. દિવ્યાંગ વ્યાસ કર્યું હતું. જ્યારે મહેમાનોનું સ્વાગત આત્મીય યુનિ.ના રજીસ્ટ્રાર ડો. દિવ્યાંગ વ્યાસે કર્યું હતું. ફેકલ્ટી ઓફ બિઝનેસ એન્ડ કોમર્સના ડિન ડો. વિશાલ ખાસગીવાલાની આભારવિધિથી આ કાર્યક્રમ સાથે સમ્પન્ન થયો હતો.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University
Rajkot

12

**અબતક** સાંધ્ય દૈનિક

તારીખ: 11/12/૨૦૨૩
સોમવાર

# સમાજને ભ્રષ્ટાચાર મૂક્ત બનાવવાની પહેલ આપણાથી જ થવી જોઇએ: પૂ.ત્યાગ વલ્લભ સ્વામી

## આત્મીય યુનિ. અને યુએનજીસીએનઆઇ દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અંગે યોજાયો પરિસંવાદ



**અબતક, રાજકોટ**

દિન-પ્રતિદિન સમાજમાં વધતા ભ્રષ્ટાચારથી ચિંતિત આત્મીય યુનિવર્સિટી અને નેશન્સ ગ્લોબલ કોમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયા (યુ.એન.જી.સી.એન.આઈ.) દ્વારા ઓફલાઈન અને ઓનલાઈન એમ બન્ને માધ્યમોથી ભ્રષ્ટાચાર સામે વૈશ્વિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું. આ પરિસંવાદમાં હ્યુમેનિસ્ટિક મેનેજમેન્ટ નેટવર્ક, રિસ્પોન્સિબલ યુએન પ્રિન્સિપલ્સ ફોર મેનેજમેન્ટ એજ્યુકેશન, એન્ટી કરપ્શન વર્કિંગ ગ્રુપ, બ્લિટ્ઝ ઈન્ડિયા, શાપર વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન અને રોટરી ક્લબ ઓફ પ્રાઈમ જેવી અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનો ભરપૂર સાથ અને સહકાર સાંપડ્યો હતો.

પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીએ આશીર્વાદ આપતા જણાવેલ કે, સમાજને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવું હોય તો તેની શરૂઆત આપનાથી જ કરવી પડે પછી જ પરિવાર, સમાજ અને રાષ્ટ્ર ભ્રષ્ટાચાર મુક્ત બને આવા શુભ સંદેશ સાથે દિપપ્રાગટ્યથી આ કાર્યક્રમની શરૂઆત થઈ. આ પરિસંવાદના અધ્યક્ષ તરીકે આત્મીય યુનિવર્સિટીના વાઈસ

ચાન્સેલર ડો. શિવ કુમાર ત્રિપાઠીએ ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડવામાં આવનારૂ ભવિષ્ય શૈક્ષણિક સંસ્થાઓ અને યુનિવર્સિટીઓમાં ભણતા વિદ્યાર્થીઓની મહત્વની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમમાં યુએન ગ્લોબલ કોમ્પેક્ટ નેટવર્ક ઈન્ડિયા (યુ.એન.જી.સી.એન.આઈ.) ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી રત્નેશ ઝાએ ભ્રષ્ટાચારના કેટલાક તારણો ઉદાહરણો સાથે જણાવ્યા હતા. જીસીએનઆઈના ડેપ્યુટી ડાયરેક્ટર

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

**Hackathon (2022-2023)**


6

અબતક સાંધ્ય દૈનિક

Dt. 29-07-2023 Saturday


# આત્મીય યુનિવર્સિટી દ્વારા સાયબર ક્રાઈમ જાગૃતિ સેમિનાર યોજાયો

## વિદ્યાર્થી સાથે સીધો સંવાદ કરી સાયબર ક્રાઈમ વિશેની તલસ્પર્શી માહિતી અપાય



અબતક, રાજકોટ

જેમ-જેમ ઓનલાઈન વ્યવહારોનું પ્રમાણ વધતું જાય છે. તેમ-તેમ ઓનલાઈન વ્યવહારોમાં બનાવટ અને લોકોને છેતરવાની નવી-નવી રીતોનું પ્રમાણ પણ વધતું જ જાય છે. ખાસ કરીને નવયુવાન અને વિદ્યાર્થીઓ આવા ચુંગલમાં વધુ ફસાય છે. બનતી આ ઘટનાઓને રોકવા માટે આત્મીય યુનિવર્સિટી અને શ્રી એમ એન્ડ એન વિરાણી સાયન્સ કોલેજનાં ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિક્સ દ્વારા સાઈબર ક્રાઈમ જાગૃતિ અંગે સેમીનાર યોજાયો.

આ સેમીનારમાં વક્તા તરીકે ઈસરોનાં ભૂતપૂર્વ ડિરેક્ટર ડો. ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા અને સાયબર ક્રાઈમનાં જોખમના ઉકેલ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે વ્યક્તિ વિવિધ સર્ચ એન્જિન દ્વારા વિશ્વભરની કોઈપણ માહિતી મેળવી શકે છે. જો કે, આ તમામ માહિતીઓમાં ઈચ્છનીય કરતા અનઈચ્છનીય માહિતીઓનો કચરો પ્રમાણમાં વધારે હોય છે તેમજ આવી માહિતીઓ મોટાભાગે ભ્રામક હોય છે. જે સર્ચ કરતા તુરંત જ આપણને કેટલીક ફ્રોડ લીન્કસ, વેબસાઈટ કે સોશિયલ મીડિયા તરફ દોરી જાય છે જ્યાં આપણે કોઈપણ નાણાકીય સંબંધિત માહિતીઓ આપ-લે કરતા વિવિધ પ્રકારે છેતરપિંડીનો ભોગ બનીએ છીએ.

સોશિયલ મીડિયા પર વ્યક્તિગત વિગતો મૂકતી વખતે અથવા કોઈપણ ફ્રેન્ડ રીક્વેસ્ટ સ્વીકારતા પહેલા સાવધ રહેવાની જરૂર છે તેમજ નેટ-બેન્કિંગ જેવા ઓનલાઈન વ્યવહારોમાં પણ કેટલીક કાળજી લેવાની જરૂર છે. યુરોપીયન દેશ એસ્ટોનિયાનું ઉદાહરણ આપતા વક્તાએ જણાવ્યું કે ત્યાં સાઈબર સુરક્ષા અંગે ૭ થી ૯ ધોરણના વિદ્યાર્થીઓને ફરજીયાત તાલીમ અપાય છે તેમજ બીજા ઘણા દેશોમાં આ રીતે લોકોને ટ્રેનીંગ આપવાની શરૂઆત થઈ ગઈ છે.

આ કાર્યક્રમમાં સાયબર કાયદાઓ, ઉપાયો, પાસવર્ડ સુરક્ષિત રાખવા, દ્વિ-પરિબળ પ્રમાણીકરણ તેમજ સાયબર-ગુનાઓને રોકવા માટે, સાયબર સુરક્ષાની તાલીમ તે અંગે જાગરૂકતા વગેરે વિશે માહિતી અપાઈ હતી. તેમજ આવનારા સમયમાં સાયબર-ગુનાઓને રોકવા, સાયબર સુરક્ષા ટ્રેનીંગ, જાગરૂકતા તેમજ હેકિંગ ક્ષેત્રે નોકરીની વિપુલ તકો વિશેની માહિતી પણ પુરી પાડી હતી.

આત્મીય યુનિવર્સિટી અને એમ એન્ડ એન વિરાણી સાયન્સ કોલેજ દ્વારા સાઈબર ક્રાઈમ જાગૃતિ અંગે આ સેમીનાર યોજાયો. જેમાં ૩૧૬ થી વધુ વિદ્યાર્થીઓઓ હાજર રહ્યા હતા. આત્મીય યુનિવર્સિટીનાં પ્રો. વાઈસ ચાન્સેલર ડો. જયેશ દેશકર, રજીસ્ટ્રાર ડો. દિવ્યાંગ વ્યાસ, ડાઈરેક્ટર આર.આઈ.એન્ડ ટી. ડો. આશિષ કોઠારી, વિરાણી સાયન્સ કોલેજનાં પ્રિન્સિપાલ ડો. કે.ડી. લાડવા નાં માર્ગદર્શન હેઠળ ડિપાર્ટમેન્ટનાં ઓફ ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રીનાં હેડ ડો. રવિ ટાંક, ડિપાર્ટમેન્ટ ઓફ ફીઝીક્સનાં હેડ ડો. દિપક દવે, ડો. મિહિર જોષી, ડો.નિકુંજ પંડ્યા, પ્રો. પ્રો. હેપ્પી લાડાણી વગેરે મહાનુભાવોએ આ કાર્યક્રમને સફળ બનાવવા સાથ અને સહકાર આપ્યો હતો.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University
Rajkot

૧૩ ફૂલછાબ તા. ૨૯-૭-૨૦૨૩ શનિવાર


# આત્મીય યુનિ. દ્વારા વિદ્યાર્થીઓ માટે સાયબર જાગૃતિ સેમિનાર યોજાયો



**સાયબર ગઠીયાઓનો ભોગ બનતા કઈ રીતે અટકી શકાય તે અંગે માહિતગાર કરાયા**

રાજકોટ,તા.૨૮ : આત્મીય યુનિવર્સિટી અને એમ એન્ડ એન વિરાણી સાયન્સ કોલેજનાં ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝીક્સ દ્વારા સાઈબર ક્રાઈમ જાગૃતિ અંગે સેમીનાર યોજાયો હતો. આ સેમીનારમાં વકતા તરીકે ઈસરોના ભૂતપૂર્વ ડિરેક્ટર ડો.ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતાં અને સાયબર ક્રાઈમના જોખમના ઉકેલ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. સોશિયલ મીડિયા પર વ્યક્તિગત વિગતો મુકતી વખતે અતવા કોઈપણ ફ્રેન્ડ રીક્વેસ્ટ સ્વિકારતા પહેલા સાવધ રહેવાની જરૂર છે તેમજ નેટ બેંકીંગ જેવા ઓનલાઈન વ્યવહારોમાં પણ કેટલીક કાળજી લેવાની જરૂર છે.

આ કાર્યક્રમમાં સાયબર કાયદાઓ, ઉપાયો, પાસવર્ડ સુરક્ષીત રાખવા, દ્વિપરિબળ પ્રમાણીકરણ તેમજ સાયબર ગુનાઓને રોકવા માટે, સાયબર સુરક્ષાની તાલીમ વગેરે વિશે માહિતી અપાઈ હતી. તેમજ આવનારા સમયમાં સાયબર ગુનાઓને રોકવા, સાયબર સુરક્ષા ટ્રેનીંગ, જાગરૂકતા તેમજ હેકીંગ ક્ષેત્રે નોકરીની વિપુલ તકો વિશેની માહિતી પણ પુરી પાડી હતી.

Registrar
Atmiya University
Rajkot

Page No. 4

**અબતક** સાંધ્ય દૈનિક

Date: 26/11/2024 Tuesday

જીવનરૂપી નૈયાને પાર લગાવતો જીવનવિદ્યા પરિસંવાદ

# આત્મીય યુનિ.ના જીવનવિદ્યા સંમેલનમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા

**અબતક, રાજકોટ**

જીવનનાં વિવિધ પડકારોને પહોંચી વળવા માટે જીવનમાં શિક્ષણની સાથે-સાથે યોગ્ય સમજની જરૂર રહેલી છે. તે માત્ર શિક્ષાનાં હેતુથી જ પરિપૂર્ણ થઈ શકતી નથી તે માટે જીવનમાં સામાજિક અને નૈતિક મુલ્યોની આવશ્યકતાઓ જે જીવનનાં મૂળભૂત પાયામાં રહેલી છે તેને વિકસાવવા માટે જીવનવિદ્યા ત્રિ-દિવસીય પરીસંવાદ આત્મીય યુનિવર્સિટી પ્રાંગણમાં યોજવામાં આવ્યો હતો. આ પરીસંવાદમાં સમાજના ખ્યાતનામ તબીબો, ઈન્ડસ્ટ્રીયાલીસ્ટો, એજ્યુકેશન ફિલ્ડના લોકો, વિવિધ એન.જી.ઓ તેમજ સમાજસેવકો આ પરીસંવાદમાં જોડાયા હતા અને પોતાના ફિલ્ડનાં સસ્ટેનેબલ સૂચનો લોકો સમક્ષ શેર કર્યા હતા.

આ સાથે સમ્મેલનની સમાંતરે એક રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર પણ





આયોજિત કરવામાં આવ્યો હતો જેમાં ૧૦૯ જેટલા પેપર પ્રેજન્ટ કરવામાં આવ્યા હતા અને જીવન વિદ્યાની એક પ્રદર્શની ને પણ ખુલ્લી મુકવામાં આવી હતી, જેમાં મુખ્ય રૂપે આવર્તન શીલ વિધિથી બનાવેલ વસ્તુઓને લોકોએ હર્ષભેર માણી હતી.

એજ્યુકેશનલ ફિલ્ડમાંથી આઈ.આઈ.ટી. હૈદ્રાબાદના ડો. રાજીવ સંગલજી, આનંદ નિકેતન ગ્રુપ ઓફ સ્કુલ્સ, અમદાવાદથી કુમાર મંગલ જી, જીનીયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુટ એન્ડ ગારડી વિદ્યાપીઠના ચેરમેન ડી.વી. મહેતા, ન્યુ એરા સ્કુલ્સના મેનેજીંગ ડીરેક્ટર અજય પટેલ, કે.જે. ઈન્સ્ટીટ્યુટ એન્જીનીયરીંગ અને ટેક્નોલોજી, વડોદરાના ટ્રસ્ટી સમીર પંડ્યા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ફોર્મર વાઈસ ચાન્સેલર ડો.વિજય દેસાણી, શક્તિ સ્કુલના ડાયરેક્ટર

(અનુ. આઠમા પાને)

**એજ્યુકેશન ઈન્ડસ્ટ્રી, એન.જી.ઓ. સહિતની પેનલનું ખ્યાતનામ ડોક્ટરોએ ફિલ્ડને લગતા સુચનો શેર કર્યા**

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

Page No. 12

દેશ-પરદેશની આજકાલ

Dt. 14/08/2024 Wednesday

# આત્મિય યુનિવર્સિટી દ્વારા હર ઘર તિરંગા યાત્રા યોજાઈ

## ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ રાષ્ટ્રધ્વજ અને બેન્ડવાજા સાથે તિરંગા યાત્રામાં જોડાયા

આજકાલ કાર્યાલય

રાજકોટ



તિરંગા યાત્રાનો પ્રારંભ સ્થાનિક કોર્પોરેશનના માધ્યમથી કેન્દ્રીય મિનિસ્ટર જે.પી. નંદા સી.આર.પાટીલ તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

આ તિરંગા યાત્રાનો આત્મીય યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ દ્વારા પણ પ્રારંભ થયો હતો. જેમાં આત્મીય સ્કુલના વિદ્યાર્થીઓએ સાંસ્કુતિક કાર્યક્રમ યોજી દેશદાઝની ભાવના જગાવી હતી. ત્યારબાદ આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટયૂશન નાં ૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ હાથમાં તિરંગો, બેન્ડવાજા, દેશભક્તોનાં ફોટાવાળા બેનરો તેમજ રાષ્ટ્રભક્તિના સૂત્રચ્ચારો સાથે પૂર્ણ આત્મીય કેમ્પસથી રેસકોર્ષ ગ્રાઉન્ડ સુધી તિરંગા યાત્રા યોજી હતી તેમજ આ તિરંગા યાત્રામાં સ્કુલ અને કોલેજના ફેકલ્ટીઓ પણ સામેલ થયા હતા.

આ તકે ત્યાગવલ્લ ભ સ્વામીએ સંદેશ આપ્યો હતો કે વિદ્યાર્થીઓમાં સતત રાષ્ટ્રભક્તિ અને ગુરુભક્તિની ભાવના કેળવાય અને આજના વિદ્યાર્થીઓ દેશના સભ્ય નાગરીકો બની ભારત દેશનું નામ ગૌરવાન્વિત કરે. આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીમાં રાજ્યના કેબિનેટ મિનિસ્ટર ભાનુબેન બાબરીયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય રમેશભાઈ તીલાળા, ડો દર્શિતા શાહ, મંત્રી ડો. માધવ દવે ઉપાધ્યક્ષ રાજાભાઈ વાવડી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જૈમિન ઉપાધ્યાય, ઓર્બિટ કંપનીના પંકજભાઈ પટેલ તેમજ આત્મીય યુનિવર્સિટીનાં રજીસ્ટ્રાર ડી.ડી. વ્યાસ, રીસર્ચ અને ઈનોવેશન ડાઈરેક્ટર આશિષ કોઠારી, એમ.એન્ડ એન વિરાણી સાયન્સના ડો. કે.ડી. લાડવા તથા આત્મીય પરિવારનાં જીગ્નેશ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University
Rajkot

**Page No. 8**

દેશ-પરદેશની **આજકાલ**

**Dt. 22/08/2024 Thursday**

# આત્મિય યુનિવર્સિટી દ્વારા ઈનોવેન્ચર્સ કલબનું ઉદ્‌ઘાટન

**આજકાલ કાર્યાલય**

**રાજકોટ**

આત્મીય યુનિવર્સિટી દ્વારા વર્લ્ડ આંત્રપ્રિનિયોર ડે નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા નું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું, ઉદ્યોગસાહસિક અને કૌશલ્યપ્રધાન વિદ્યાર્થીઓને પોતાના ભવિષ્યના ઔદ્યોગિક સપનાઓ સાકાર કરવા પ્રેરણા મળી રહે, તેઓ વિદ્યાર્થીજીવન દરમિયાન જ પોતાના આ સ્વપનને પરિપૂર્ણ કરવા પોતાના પ્રયાસોને આગળ ધપાવે તેમજ ઈવેન્ટ મેનેજમેન્ટમાં ઘણી સમસ્યાઓનું નિરાકરણ તેમજ મોટા પાયે ઈવેન્ટોનું આયોજન કરવાના વ્યવહારુ ઉદ્દેશ્યએ વિદ્યાર્થીઓ દ્વારા આ ઈનોવેન્ચર્સ કલબ શરુ કરવામાં આવી.

ડિપાર્ટમેન્ટ ઓફ બીઝનેસ એન્ડ કોમર્સના બીબીએનાં વિદ્યાર્થીઓ દ્વારા આ કલબની સઘળી પ્રવૃત્તિઓ તેમજ કલબનું સંચાલન તેઓના શિરે રાખવામાં આવ્યું હતું. ડિપાર્ટમેન્ટ ઓફ બીઝનેસ એન્ડ કોમર્સના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને



આવેલ મહેમાન એમિસુન કંપનીના સી.ઈ.ઓ. શુભાષ ચોપડાએ તેઓના બીઝનેસમાં આવેલા ચડાવ - ઉતારની તેઓએ વાત કરી હતી. તેમજ આ સમારંભમાં આવેલા સીએ કિશોરભાઈ ચૌહાણએ તેમની ચાર્ટડ એકાઉન્ટન્ટ બનવા સુધીની સફર વિદ્યાર્થીઓ સમક્ષ શેર કરી હતી.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ વચ્ચે આઈસ બ્રેકીંગ એક્ટીવીટી, સક્સેસ અનચાર્ટેડ સ્પર્ધા, વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર ઔધોગિક પ્રશ્નાવલી જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. તેમજ પ્રક્ષકો પણ આ ઈનોવેન્ચર્સ કલબનો ભાગ બન્યા હતા. મહેમાનોએ વિદ્યાર્થીઓની તમામ પ્રસ્તુતિઓનું મૂલ્યાંકન કર્યું હતું અને તેમના પસંદ કરેલા વિષયો સંબંધિત પ્રશ્નો સાથે જોડ્યા હતા. અંતમાં ઈનોવેન્ચર્સ કલબ સ્પર્ધાના વિજેતા મૌલિક વ્યાસ, ત્રિષા શિંગાળા, ભારમલ નાકીયા અને હેરીયા અદનાનને મહેમાનોએ ફસ્ટ, સેકન્ડ અને થર્ડ રેન્ક આપી પ્રમાણપત્રોથી આ તમામ વિદ્યાર્થીમિત્રોને નવાજ્યા હતા.

ત્યાગવલ્લ ભ સ્વામીના માર્ગદર્શન સાથે આ કાર્યક્રમમાં ડો. વિશાલ ખાસગીવાલા, ડો. અમિત રાજદેવ, પ્રો હિરલ ચૌહાણ, પ્રો ભાવિન પટેલ વગેરે લોકોએ આ કાર્યક્રમમાં જહેમત ઉઠાવી હતી.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University, Rajkot, Gujarat

| Page No. 11 | સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું... સાંજ સમાચાર | Dt. 13/08/2024 Tuesday |
|---|---|---|

# ૭૮ માં સ્વતંત્રતા દિનની ઉજવણીરૂપે આત્મીય યુનિવર્સિટીમાં "હર ઘર તિરંગા" યાત્રાનો ઝાઝરમાન પ્રારંભ

સમગ્ર દેશમાં તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ તિરંગા યાત્રાનો આત્મીય યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ દ્વારા પણ ઝાઝરમાન રીતે પ્રારંભ યોજાયો હતો.

જેમાં આત્મીય સ્કુલના વિદ્યાર્થીઓએ સાંસ્કુતિક કાર્યક્રમ યોજી દેશદાઝની ભાવના જગાવી હતી. ત્યારબાદ આત્મીય ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યૂશન નાં ૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ હાથમાં તિરંગો, બેન્ડવાજા, દેશભક્તોનાં ફોટાવાળા બેનરો તેમજ રાષ્ટ્રભક્તિના સૂત્રચ્ચારો સાથે પૂર્ણ ડીસીપ્લીનથી, એક હરોળમાં આત્મીય કેમ્પસથી રેસકોર્ષ ગ્રાઉન્ડ સુધી તિરંગા યાત્રા યોજી હતી તેમજ આ તિરંગા યાત્રામાં સ્કુલ અને કોલેજના ફેકલ્ટીઓ પણ સામેલ થયા હતા.






Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

| Page No. 6 | અબતક સાંધ્ય દૈનિક | Dt. 13/08/2024 Tuesday |
|---|---|---|

# આત્મીય યુનિવર્સિટીમાં ૫૦૦૦ વિદ્યાર્થીઓ 'તિરંગાયાત્રા' જોડાયા

## આત્મીય કેમ્પસની રેસકોર્સ ગ્રાઉન્ડ સુધી તિરંગા યાત્રામાં વંદે માતરમ્ અને ભારત માતા કી જયના નાદ ગુંજયા

**અબતક,રાજકોટ**

''હર ઘર તિરંગા'' ના સ્વપનદ્રષ્ટા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની રાષ્ટ્રભક્તિને ઉજાગર કરવાના પ્રયત્નોના ફળ સ્વરૂપે સમગ્ર દેશમાં તિરંગાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર દેશ અને રાજ્યમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ અભિયાનમાં રાજ્યની વિવિધ શાળા-કોલેજો, કોર્પોરેશન, ખાનગી અને સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો તેમજ સામાન્ય નાગરીકો આ અભિયાનમાં સહભાગી બની પોતાનું યોગદાન આપી રહ્યા છે.






આ તિરંગા યાત્રાનો પ્રારંભ સ્થાનિક કોર્પોરેશનના માધ્યમથી કેન્દ્રીય મિનિસ્ટર જે.પી. નંદા , સી.આર.પાટીલ તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

આ તિરંગા યાત્રાનો આત્મીય યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ દ્વારા પણ ઝાઝરમાન રીતે પ્રારંભ યોજાયો હતો. જેમાં આત્મીય સ્કુલના વિદ્યાર્થીઓએ સાંસ્કુતિક કાર્યક્રમ યોજી દેશદાઝની ભાવના જગાવી હતી. ત્યારબાદ આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન નાં ૫૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ હાથમાં તિરંગો, બેન્ડવાજા, દેશભક્તોનાં ફોટાવાળા બેનરો તેમજ રાષ્ટ્રભકિતના સૂત્રચ્ચારો સાથે પૂર્ણ ડીસીપ્લીનથી, એક હરોળમાં આત્મીય કેમ્પસથી રેસકોર્ષ ગ્રાઉન્ડ સુધી તિરંગા યાત્રા યોજી હતી તેમજ આ તિરંગા યાત્રામાં સ્કુલ અને કોલેજના ફેકલ્ટીઓ પણ સામેલ થયા હતા.

આ શુભદિને પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીએ સંદેશ આપ્યો હતો કે વિદ્યાર્થીઓમાં સતત રાષ્ટ્રભકિત અને ગુરુભકિત ની ભાવના કેળવાય અને આજના વિદ્યાર્થીઓ દેશના સભ્ય નાગરીકો બની ભારત દેશનું નામ ગૌરવાન્વિત કરે. આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીમાં રાજ્યના કેબિનેટ મિનિસ્ટર ભાનુબેન બાબરીયા, શહેર પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય રમેશભાઈ તીલાળા, ડો દર્શિતા શાહ, મંત્રી ડો. માધવ દવે ઉપાધ્યક્ષ રાજાભાઈ વાવડી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જૈમિન ઉપાધ્યાય, ઓર્બીટ કંપનીના પંકજભાઈ પટેલ તેમજ આત્મીય યુનિવર્સિટીનાં રજીસ્ટ્રાર ડી.ડી. વ્યાસ, રીસર્ચ અને ઈનોવેશન ડાઈરેકટર આશિષ કોઠારી, એમ. એન્ડ એન વિરાણી સાયન્સના ડો. કે.ડી. લાડવા તથા આત્મીય પરિવારનાં જીજ્ઞેશ રાઠોડની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રાનો શુભારંભ થયો હતો.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

પરિવર્તનનું પ્રતિબિંબ
ગુજરાત મિરર
SUDARSHAN ગ્રુપનું સાંધ્ય દૈનિક

Dt. 19/08/2024
Monday


# દેવાંગ મહેતા સ્મૃતિ એવોર્ડ હાંસલ કરતા આત્મીય યુનિ.ના વિદ્યાર્થીઓ

## ૧ લાખનું ઈનામ એનાયત કરાયું




(પ્રતિનિધિ દ્વારા) રાજકોટ તા. ૧૯

નએન્જીનીયરીંગ અને ટેક્નોલોજીથ ક્ષેત્રે અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને તેઓના બેસ્ટ પ્રોજેકટ પર શ્રેષ્ઠ પરફોર્મન્સ બદલ સ્વર્ગીય દેવાંગ મહેતાની યાદમાં તેઓને દર વર્ષે એવોર્ડ એનાયત આવે છે. આ વર્ષે પણ ગુજરાતભરની વિવિધ એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓએ પોતાના આધુનિક પ્રોજેકટસ માટે નદેવાંગ મહેતા ફાઉન્ડેશન ટ્રસ્ટથ માં ઉમેદવારી નોંધાવી હતી. જેમાં આત્મીય યુનિવર્સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્જીનીયરીંગ અને આઈ.ટી.નાં તેજસ્વી વિદ્યાર્થીઓએ પણ આ એવોર્ડની પ્રાપ્તિ માટે નોમીનેશન કરાવ્યું હતું. જેમાં ત્યાના

શિક્ષણવિદ્ ખ્યાતિ પ્રાપ્ત તજજ્ઞોએ આ તમામ પ્રોજેકટોનું મૂલ્યાંકન કરી વિદ્યાર્થીઓએ સબમિટ કરાવેલા પ્રોજેકટોમાંથી આત્મીય યુનિવર્સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્જીનીયરીંગનાં વિદ્યાર્થી બ્રિજરાજ કાચા અને બિરવા દવે એ બનાવેલો ટઅણ - અઈ બેઝ્ડ વ્હીલ રોબટ ઉપરનો પ્રોજેક્ટ સિલેક્ટ કર્યો હતો અને આ પ્રોજેક્ટને પ્રથમ ક્રમથી સન્માનિત કરવામાં આવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને આગળ પ્રોત્સાહન માટે રૂપિયા ૧ લાખ રોકડાનો પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ રીસર્ચ અને ઇનોવેશન ડાઈરેકટર ડો. આશિષ કોઠારીનાં માર્ગદર્શન, કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટનાં હેડ પ્રો. તોસલ ભાલોડીયાના નેતૃત્વ હેઠળ તૈયાર કવામાં આવ્યો હતો તેમજ માહિતી સંકલન પ્રો. જનક મારું દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીનાં પ્રેસિડેન્ટ ત્યાગવલ્લભ સ્વામીજીએ ખુશીની લાગણી વ્યકત કરતા જણાવ્યું હતું કે આત્મીય કેમ્પસ હર હમેશ વિદ્યાર્થીઓના ઉચ્ચત્તર કૌશલ્યના વિકાસ માટે કામ કરતું રહ્યું છે અને આત્મીયનાં દરેક વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ

થાય અને એમાં જે કંઈ પણ કરવું ઘટે એ તમામ કેમ્પસ દ્વારા કરવામાં આવશે તેમજ વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શક આત્મીયના તમામ સ્ટાફ મેમ્બરોનો ધન્યવાદ વ્યક્ત કર્યો હતો.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

**સૌરાષ્ટ્ર ક્રાંતિ**

સાંધ્ય દૈનિક

**Dt. 17/08/2024**
**Thrusday**


# ગુજરાતનું IT ફિલ્ડમાં નામ રોશન કરતા આત્મીય યુનિવર્સિટીનાં તેજસ્વી તારલાઓ

## વિદ્યાર્થીઓની ઝળહળતી સિદ્ધિ બદલ સમ્રગ આત્મીય પરિવારે અભિનંદન પાઠવ્યા




**(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ : 'એન્જીનીયરીંગ અને ટેક્નોલોજી' ક્ષેત્રે અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને તેઓના બેસ્ટ પ્રોજેકટ પર શ્રેષ્ઠ પરફોર્મન્સ બદલ સ્વર્ગીય દેવાંગ મહેતાની યાદમાં તેઓને દર વર્ષે એવોર્ડ એનાયત આવે છે. આ વર્ષે પણ ગુજરાતભરની વિવિધ એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓએ પોતાના આધુનિક પ્રોજેક્ટસ માટે 'દેવાંગ મહેતા ફાઉન્ડેશન ટ્રસ્ટ' માં ઉમેદવારી નોંધાવી હતી. જેમાં આત્મીય યુનિવર્સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્જીનીયરીંગ અને આઈ.ટી.નાં તેજસ્વી વિદ્યાર્થીઓએ પણ આ એવોર્ડની પ્રાપ્તિ માટે નોમીનેશન કરાવ્યું હતું. જેમાં ત્યાના શિક્ષણવિદ્દ ખ્યાતિ પ્રાપ્ત તજજ્ઞોએ આ તમામ પ્રોજેક્ટોનું મૂલ્યાંકન કરી વિદ્યાર્થીઓએ સબમિટ કરાવેલા ઘણા બધા પ્રોજેકટોમાંથી આત્મીય યુનિવર્સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્જીનીયરીંગનાં વિદ્યાર્થી બ્રિજરાજ કાચા અને બિરવા દવે એ બનાવેલો VUZ - AI બેઝ્ડ - વ્હીલ રોબટ ઉપરનો પ્રોજેક્ટ સિલેક્ટ કર્યો હતો અને આ પ્રોજેક્ટને પ્રથમ ક્રમથી સન્માનિત કરવામાં આવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને આગળ પ્રોત્સાહન માટે રૂપિયા ૧ લાખ રોકડાનો પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ રીસર્ચ અને ઇનોવેશન ડાઈરેકટર ડો. આશિષ કોઠારીનાં માર્ગદર્શન, કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટનાં હેડ પ્રો. તોસલ ભાલોડીયાના નેતૃત્વ હેઠળ તૈયાર કવામાં આવ્યો હતો તેમજ માહિતી સંકલન પ્રો. જનક મારું દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ સિલેક્ટ થતા તમામ ફેકલ્ટીઓ તથા આત્મીય પરિવારમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીનાં પ્રેસિડેન્ટ પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીએ ખુશીની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આત્મીય કેમ્પસ હર હમેશ વિદ્યાર્થીઓના ઉચ્ચત્તર કૌશલ્યના વિકાસ માટે કામ કરતું રહ્યું છે અને આત્મીયનાં દરેક વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય અને એમાં જે કંઈ પણ કરવું ઘટે એ તમામ કેમ્પસ દ્વારા કરવામાં આવશે તેમજ વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શક આત્મીયના તમામ સ્ટાફ મેમ્બરોનો ધન્યવાદ વ્યક્ત કર્યો હતો.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University, Rajkot Gujarat, India

Bharat Headline
Follow us :
Dt. 20 August 2024 | Tuesday

# આત્મીય યુનિવર્સિટીનાં તેજસ્વી તારલાઓએ કર્યું ગુજરાતનું IT ફિલ્ડમાં નામ રોશન




ભારત હેડલાઇન, તા.૧૯

'એન્જીનીયરીંગ અને ટેકનોલોજી' ક્ષેત્રે અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને તેઓના બેસ્ટ પ્રોજેકટ પર શ્રેષ્ઠ પરફોર્મન્સ બદલ સ્વર્ગીય દેવાંગ મહેતાની યાદમાં તેઓને દર વર્ષે એવોર્ડ એનાયત આવે છે. જેમાં આત્મીય યુનિવર્સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્જીનીયરીંગ અને આઈ.ટી.નાં તેજસ્વી વિદ્યાર્થીઓએ પણ આ એવોર્ડની પ્રાપ્તિ માટે નોમીનેશન કરાવ્યું હતું. જેમાં ત્યાના શિક્ષણવિદ્ ખ્યાતિ પ્રાપ્ત તજજ્ઞોએ આ તમામ પ્રોજેક્ટોનું મૂલ્યાંકન કરી વિદ્યાર્થીઓએ સબમિટ કરાવેલા ઘણા બધા પ્રોજેકટોમાંથી આત્મીય યુનિવર્સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્જીનીયરીંગનાં વિદ્યાર્થી બ્રિજરાજ કાચા અને બિરવા દવેએ બનાવેલો VUZ - AI બેઝ્ડ વ્હીલ રોબટ ઉપરનો પ્રોજેક્ટ સિલેક્ટ કર્યો હતો અને આ પ્રોજેક્ટને પ્રથમ ક્રમથી સન્માનિત કરવામાં આવ્યો હતો.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

Page No. 4

અબતક સાંધ્ય દૈનિક

Dt. 17/08/2024 Saturday

# આઈ.ટી.ફિલ્ડમાં આત્મીય યુનિ.ના તેજસ્વી તારલાઓએ નામ કર્યું રોશન

## વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ૧ લાખનો પુરસ્કાર એનાયત



**અબતક,રાજકોટ**

'એન્જીનીયરીંગ અને ટેક્નોલોજી' ક્ષેત્રે અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને તેઓના બેસ્ટ પ્રોજેકટ પર શ્રેષ્ઠ પરફોર્મન્સ બદલ સ્વર્ગીય દેવાંગ મહેતાની યાદમાં તેઓને દર વર્ષે એવોર્ડ એનાયત આવે છે. આ વર્ષે પણ ગુજરાતભરની વિવિધ એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓએ પોતાના આધુનિક પ્રોજેક્ટસ માટે 'દેવાંગ મહેતા ફાઉન્ડેશન ટ્રસ્ટ' માં ઉમેદવારી નોંધાવી હતી.

જેમાં આત્મીય યુનિવર્સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્જીનીયરીંગ અને આઈ.ટી.નાં તેજસ્વી વિદ્યાર્થીઓએ પણ આ એવોર્ડની પ્રાપ્તિ માટે નોમીનેશન કરાવ્યું હતું. જેમાં ત્યાના શિક્ષણવિદ ખ્યાતિ પ્રાપ્ત તજજ્ઞોએ આ તમામ પ્રોજેક્ટોનું મૂલ્યાંકન કરી વિદ્યાર્થીઓએ સબમિટ કરાવેલા ઘણા બધા પ્રોજેકટોમાંથી આત્મીય યુનિવર્સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્જીનીયરીંગનાં વિદ્યાર્થી બ્રિજરાજ કાચા અને બિરવા દવે એ બનાવેલો વીયુએટ - એઆઈ બેઝ્ડ - વ્હીલ રોબટ ઉપરનો પ્રોજેક્ટ સિલેક્ટ કર્યો હતો અને આ પ્રોજેક્ટને પ્રથમ ક્રમથી સન્માનિત કરવામાં આવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને આગળ પ્રોત્સાહન માટે રૂપિયા ૧ લાખ નો પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રોજેક્ટ રીસર્ચ અને ઈનોવેશન ડાઈરેક્ટર ડો. આશિષ કોઠારીનાં માર્ગદર્શન, કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટનાં હેડ પ્રો. તોસલ ભાલોડીયાના નેતૃત્વ હેઠળ તૈયાર કવામાં આવ્યો હતો તેમજ માહિતી સંકલન પ્રો. જનક મારું દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ સિલેક્ટ થતા તમામ ફેકલ્ટીઓ તથા આત્મીય પરિવારમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીનાં પ્રેસિડેન્ટ પરમ પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીએ ખુશીની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આત્મીય કેમ્પસ હર હમેશ વિદ્યાર્થીઓના ઉચ્ચત્તર કૌશલ્યના વિકાસ માટે કામ કરતું રહ્યું છે અને આત્મીયનાં દરેક વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય અને એમાં જે કંઈ પણ કરવું ઘટે એ તમામ કેમ્પસ દ્વારા કરવામાં આવશે તેમજ વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શક આત્મીયના તમામ સ્ટાફ મેમ્બરોનો ધન્યવાદ વ્યક્ત કર્યો હતો.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot (stamp)

| Page No. 12 | આજકાલ | Dt. 17/08/2024 Saturday |
|---|---|---|

# આત્મિય યુનિ.ના વિદ્યાર્થીઓને દેવાંગ મહેતા એવોર્ડ મળ્યો

## વીયુઝેડ-એઆઈ બેઝ્ડ વ્હીલ રોબટ બનાવ્યો



**આજકાલ કાર્યાલય**

**રાજકોટ**

એન્જીનીયરીંગ અને ટેક્નોલોજી ક્ષેત્રે અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને તેઓના બેસ્ટ પ્રોજેક્ટ પર શ્રેષ્ઠ પરફોર્મન્સ બદલ સ્વ.દેવાંગ મહેતાની યાદમાં તેઓને દર વર્ષે એવોર્ડ એનાયત આવે છે. આ વર્ષે પણ ગુજરાતભરની વિવિધ એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓએ પોતાના આધુનિક પ્રોજેક્ટસ માટે દેવાંગ મહેતા ફાઉન્ડેશન ટ્રસ્ટમાં ઉમેદવારી નોંધાવી હતી. જેમાં આત્મીય યુનિવર્સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્જીનીયરીંગ અને આઈ.ટી.નાં તેજસ્વી વિદ્યાર્થીઓએ પણ આ એવોર્ડની પ્રાપ્તિ માટે નોમીનેશન કરાવ્યું હતું. જેમાં આત્મીય યુનિવર્સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર એન્જીનીયરીંગનાં વિદ્યાર્થી વ્રજરાજ ઝાલા અને બિરવા દવે એ બનાવેલો વીયુઝેડ-એઆઈ બેઝ્ડ-વ્હીલ રોબટ ઉપરનો પ્રોજેક્ટ સિલેક્ટ થયો હતો અને આ પ્રોજેક્ટને પ્રથમ ક્રમથી સન્માનિત કરવામાં આવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને આગળ પ્રોત્સાહન માટે રૂપિયા ૧ લાખ રોકડાનાં પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રોજેક્ટ રીસર્ચ અને ઈનોવેશન ડાયરેક્ટર ડો. આશિષ કોઠારીનાં માર્ગદર્શન, કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટનાં હેડ પ્રો. તેજસ ભાલોડીયાના નેતૃત્વ હેઠળ તૈયાર કરાયો હતો તેમજ સંકલન પ્રો. જનક મારૂ દ્વારા કરાયું હતું.

Registrar
Atmiya University
Rajkot



Atmiya University ★ Rajkot ★

| ATMIYA UNIVERSITY | NAAC – Cycle – 1<br>AISHE: U-0967 | |
|---|---|---|
| | Criterion 3 | R, I & E |
| | KI 3.6 | M 3.6.1 |

પરિવર્તનનું પ્રતિબિંબ
ગુજરાત મિરર
SUDARSHAN ગ્રુપનું સાંધ્ય દૈનિક

**Dt. 23/08/2024**
**Friday**




# આત્મિય યુનિવર્સિટીના ઉદ્યોગ સાહસિક વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરી બિરદાવાયા

## World Entrepreneurs Day નિમિત્તે કરાયેલા Innoventures Clubના આયોજનનો વ્યવહારુ ઉદ્દેશ

આત્મીય યુનિવર્સિટી દ્વારા વર્લ્ડ એન્ટરપ્રેનર્સ ડેનિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા ઈનેવેન્ટર્સ કલબ નું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું, ઉદ્યોગસાહસિક અને કૌશલ્યપ્રધાન વિદ્યાર્થીઓને પોતાના ભવિષ્યના ઔદ્યોગિક સપનાઓ સાકાર કરવા પ્રેરણા મળી રહે, તેઓ વિદ્યાર્થીજીવન દરમિયાન જ પોતાના આ સ્વપનને પરિપૂર્ણ કરવા પોતાના પ્રયાસોને આગળ ધપાવે તેમજ ઈવેન્ટ મેનેજમેન્ટમાં ઘણી સમસ્યાઓનું નિરાકરણ તેમજ મોટા પાયે ઈવેન્ટોનું આયોજન કરવાના વ્યવહારુ ઉદેશ્ય એ વિદ્યાર્થીઓ દ્વારા આ ઈનેવેન્ટર્સ કલબ શરુ કરવામાં આવી.

પડિપાર્ટમેન્ટ ઓફ બીઝનેસ એન્ડ કોમર્સથ ના બીબીએ (ઈએફબી) નાં વિદ્યાર્થીઓ દ્વારા આ ક્લબની સઘળી પ્રવૃત્તિઓ તેમજ ક્લબનું સંચાલન તેઓના શિરે રાખવામાં આવ્યું હતું. પડિપાર્ટમેન્ટ ઓફ બીઝનેસ એન્ડ કોમર્સથના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને આવેલ મહેમાન શ્રી એમિસુન કંપનીના સી.ઈ.ઓ. શ્રી શુભાષ ચોપડા એ સૌર ઉદ્યોગમાં તેમની ઉદ્યોગસાહસિક યાત્રા શેર કરી તેમજ તેઓના બીઝનેસમાં આવેલા ચડાવ - ઉતારની તેઓએ વાત કરી હતી. તેમજ આ સમારંભમાં આવેલા બીજા મહેમાન સી.એ. શ્રી કિશોરભાઈ ચૌહાણ એ તેમની પુષ્ઠભૂમિકામાં અનેક પડકારોથી પોતાનો બીઝનેસની શરૂઆત અને સફળતા તેમજ ચાર્ટડ એકાઉન્ટન્ટ બનવા સુધીની સફર વિદ્યાર્થીઓ સમક્ષ શેર કરી હતી.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ વચ્ચે આઈસ બ્રેકીંગ એક્ટીવીટી, 'સક્સેસ અનચાર્ટેડ' સ્પર્ધા, વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર ઔધોગિક પ્રશ્નાવલી જેવી કેટલીયે સાહસિક સ્પર્ધાઓ યોજાઈ હતી. તેમજ પ્રક્ષકો પણ આ ઇનોવેન્ચર્સ કલબનો ભાગ બન્યા હતા. મહેમાનોએ વિદ્યાર્થીઓની તમામ પ્રસ્તુતિઓનું મૂલ્યાંકન કર્યુ હતુ અને તેમના પસંદ કરેલા વિષયો સંબંધિત પ્રશ્નો સાથે જોડ્યા હતા. અંતમાં ઈનોવેન્ચર્સ ક્લબ સ્પર્ધાના વિજેતા મૌલિક વ્યાસ, ત્રિષા શિગાળા, ભારમલ નાકીયા અને દેરીયા અદનાનને મહેમાનોએ ફસ્ટ, સેકન્ડ અને થર્ડ રેન્ક આપી પ્રમાણપત્રોથી આ તમામ વિદ્યાર્થીમિત્રોને નવાજ્યા હતા. પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ અને માર્ગદર્શન સાથે આ કાર્યક્રમમાં ડૉ. વિશાલ ખાસગીવાલા, ડૉ. અમિત રાજદેવ, પ્રૉ હિરલ ચૌહાણ, પ્રૉ ભાવિન પટેલ વગેરે લોકોએ આ કાર્યક્રમમાં જહેમત ઉઠાવી હતી.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

| Page No. 6 | પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ<br>અબતક<br>સાંધ્ય દૈનિક | Dt.23/08/2024 Friday |
|---|---|---|

વિશ્વ ઉદ્યોગ સાહસીકતા ડે -દિવસ નિમિતે

# આત્મીય યુનિ.માં વિદ્યાર્થીઓને ઔદ્યોગીક ક્ષેત્રે પ્રોત્સાહન આપવા ઈનોવેન્ચર્સ કલબનો પ્રારંભ




**અબતક, રાજકોટ**

આત્મીય યુનિવર્સિટી દ્વારા વર્લ્ડ ઈન્ટપ્રેન્યુર્સ ડે નિમિત્તે વિદ્યાર્થીઓ દ્વારા ઈનોવેન્ચર્સનું ભવ્ય ઉદ્દઘાટન કરવામાં આવ્યું, ઉદ્યોગ સાહસિક અને કૌશલ્યપ્રધાન વિદ્યાર્થીઓને પોતાના ભવિષ્યના ઔદ્યોગિક સપનાઓ સાકાર કરવા પ્રેરણા મળી રહે, તેઓ વિદ્યાર્થી જીવન દરમિયાન જ પોતાના આ સ્વપ્નને પરિપૂર્ણ કરવા પોતાના પ્રયાસોને આગળ ધપાવે તેમજ ઈવેન્ટ મેનેજમેન્ટમાં ઘણી સમસ્યાઓનું નિરાકરણ તેમજ મોટા પાયે ઈવેન્ટોનું આયોજન કરવાના વ્યવહારૂ ઉદેશ્યએ વિદ્યાર્થીઓ દ્વારા આ ઈનોવેન્ચર્સ શરૂ કરવામાં આવી.

'ડિપાર્ટમેન્ટ ઓફ બીઝનેસ એન્ડ કોમર્સ' ના બીબીએનાં વિદ્યાર્થીઓ દ્વારા આ કલબની સઘળી પ્રવૃત્તિઓ તેમજ કલબનું સંચાલન તેઓના શિરે રાખવામાં આવ્યું હતું. 'ડિપાર્ટમેન્ટ ઓફ બીઝનેસ એન્ડ કોમર્સ'ના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને આવેલ મહેમાન એમિસુન કંપનીના સી.ઈ.ઓ. શુભાષ ચોપડાએ સૌર ઉદ્યોગમાં તેમની ઉદ્યોગ સાહસિક યાત્રા શેર કરી તેમજ તેઓના બીઝનેસમાં આવેલા ચડાવ - ઉતારની તેઓએ વાત કરી હતી. તેમજ આ સમારંભમાં આવેલા બીજા મહેમાન સીએ કિશોરભાઈ ચૌહાણએ તેમની પુષ્ઠભૂમિકામાં અનેક પડકારોથી પોતાનો બીઝનેસની શરૂઆત અને સફળતા તેમજ ચાર્ટડ એકાઉન્ટન્ટ બનવા સુધીની સફર વિદ્યાર્થીઓ સમક્ષ શેર કરી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ વચ્ચે આઈસ બ્રેકીંગ એકટીવીટી, "સકસેસ અનચાર્ટેડ" સ્પર્ધા, વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર ઔદ્યોગિક પ્રશ્નાવલી જેવી કેટલીયે સાહસિક સ્પર્ધાઓ યોજાઈ હતી.

અંતમાં ઈનોવેન્ચર્સ કલબ સ્પર્ધાના વિજેતા મૌલિક વ્યાસ, ત્રિષા શિંગાળા, ભારમલ નાકીયા અને દેરીયા અદનાનને મહેમાનોએ ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ રેન્ક આપી પ્રમાણપત્રોથી આ તમામ વિદ્યાર્થી મિત્રોને નવાજ્યા હતા.

પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીજીના આશીર્વાદ અને માર્ગદર્શન સાથે આ કાર્યક્રમમાં ડો.વિશાલ ખાસગીવાલા, ડો. અમિત રાજદેવ, પ્રો હિરલ ચૌહાણ, પ્રો ભાવિન પટેલ વગેરે લોકોએ આ કાર્યક્રમમાં જહેમત ઉઠાવી હતી.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University
Rajkot

# આત્મીય યુનિવર્સિટી દ્વારા સાયબરની ઘટનાઓ ઉકેલવા સ્પર્ધા

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૯

આજની યંગ જનરેશન સાઈબર કાયદા અને ડિજિટલ બાજા અવતારાના તમજ મહાપુરુષોના જીવનચરિત્રો, વગેરે દ્વારા બાળકોના શારીરિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસને પ્રાધાન્ય આપવામાં આવ્યુ હતુ. તેનો સમાપન સમારોહ (કલોજીંગ સેરેમની) કાર્યક્રમરાખવામાં આવેલ. જેમાં ૧૫૦ ઉપરાંત બાળકોએ પોતાના માતા પિતાની આરતિ ઉતારી, પ્રદક્ષિણા, દંડવત પ્રણામ કરી પૂજન કર્યુ હતં.

ફોરેન્સિકક્સ અંગે સજાગ રહે એ હેતુએ આત્મીય યુનિવર્સિટીનાં કોમ્પ્યુટર સાયન્સ એન્ડ

આઈ.ટી. ડીપાર્ટમેન્ટ દ્વારા પધ હેકર્સ મીટઅપથ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચેપ્ટરમાં વિદ્યાર્થીઓ સાથે સાઈબર ક્રાઈમ વિષયક ચર્ચા થઈ હતી તેમજ સાઈબર ક્રાઈમથી બચવાનાં ઉપાયો તેમજ સાઈબર કાયદાઓ વિશેની વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ પ્રસંગે નધ હેકર્સ મીટઅપથ ચેપ્ટર, રાજકોટનાં કોર ટીમ મેમ્બર વિવેક ચંદ્રાસાલાએ ઉદઘાટન સત્રનું સંચાલન તેમજ Introduction to Digital Forensics વિષય પર માર્ગદર્શન આપ્યું હતું, Zsec, રાજકોટનાં સી.ઈ.ઓ. હર્ષ ઠાકર એ Combating Deepfake તેમજ સાઈબર પ્રોટેકટર, રાજકોટનાં સી.ઈ.ઓ. નરેશ મકવાણાએ હાલના ઉદ્યોગોમાં સાઈબર સિકયુરીટી વિષય પર વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. નિષ્ણાત સ્પીકર્સ સત્ર બાદ CTF (Capture The Flag) સ્પર્ધાનું આયોજન નિસર્ગ વેહાડવા

અને વિવેક ચંદ્રાસાલા દ્વારા કરવામાં આવ્યું તેમાં CTF માં સ્ટેગનોગ્રાફી, EXIF, મેટાડેટા, બાઈનરી સ્ટ્રિંગ એડિટિંગ અને ક્રિપ્ટોગ્રાફી જેવા મુદ્દાઓને સમાવાયા હતા. CTF સ્પર્ધાના વિજેતા તરીકે કાર્તિક ટૂંબડિયાએ ખિતાબ જીત્યો હતો. આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીનાં આર. આઈ. એન્ડ ટી. ડાઈરેકટર ડો. આશિષ કોઠારી, ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈ.ટી ડિપાર્ટમેન્ટનાં હેડ ડો. પ્રકાશ ગુજરાતી વગેરે

મહાનુભાવોની ઉપસ્થિતિ સાથે ડિપાર્ટમેન્ટનાં તમામ ફેકલ્ટીનો સંપૂર્ણ સાથ અને સહકાર પ્રાપ્ત થયો હતો તેમજ આ કાર્યક્રમનું સફળસંચાલન યશ ગોરસિયા અને યશ કોરાટનાં સફળ નૈતૃત્વમાં થયું હતું.

Registrar
Atmiya University
Rajkot

# આત્મિય યુનિ.નાં કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈટી ડિપાર્ટમેન્ટનો 'ધ હેકર્સ મીટઅપ' કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન

- સાયબર ક્ષેત્રે બનાવોને ઝડપી ઉકેલવા અંગે વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા યોજાઈ

ભારત હેડલાઇન, તા.૨૯

સાઈબર કાયદા અને ડિજીટલ ફોરેન્સીક અંગે સજાગ રહે એ હેતુએ આત્મીય યુનિવર્સિટીનાં કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈટી ડિપાર્ટમેન્ટ દ્વારા 'ધ હેકર્સ મીટઅપ' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે સાઈબર ક્રાઈમ વિષયક ચર્ચા થઈ હતી. જેમાં વોટસઅપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વગેરે સોશિયલ મીડીયા વિશે તેના ઉપયોગની વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે 'ધ હેકર્સ મીટઅપ' ચેપ્ટરના કોર ટીમ સભ્ય વિવેક ચંદ્રાસાલાએ ઉદઘાટન સત્રનું સંચાલન તેમજ ""Introduction to Digital Forensics" વિષય પર માર્ગદર્શન આપ્યુ હતું. રાજકોટનાં સીઈઓ હર્ષ ઠાકર એ ""Combating Deepfake" તેમજ સાઈબર પ્રોકટેકટર સીઈઓ નરેશ મકવાણાએ સાઈબર સિકયુરીટી વિષય પર માહિતગાર કર્યા હતા. સ્પીકર્સ સત્ર બાદ સીઆઈએફ સ્પર્ધાનું આયોજન નિસર્ગ વેહાડવા અને વિવેક ચંદ્રસાલા દ્વારા કરવામાં આવ્યું હતું. સીટીએફ સ્પર્ધાના વિજતા કાર્તિક ટુંબડીયા થયા હતા. આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીના આર.આઈ.એન્ડ.ટી. ડાયરેકટર ડો. આશિષ કોઠારી, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈટી ડિપાર્ટમેન્ટનાં હેડ ડો. પ્રકાશ ગુજરાતી ઉપસ્થિથ રહ્યા હતા. કાર્યક્રમનું સમગ્ર સંચાલન યશ ગોરસીયા અને યશ કોરાટ દ્વારા કરવામાં આવ્યું હતું.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

Page No. 7

પરિવર્તનનું પ્રતિબિંબ
ગુજરાત મિરર

Dt. 29/05/2024
Wednesday

# આત્મીય યુનિ.માં છાત્રો વચ્ચે સાયબર ક્ષેત્રે બનતા બનાવોને ઉકેલવા સ્પર્ધા યોજાઇ

## નિષ્ણાંતોનાં માર્ગદર્શન હેઠળ 'ધ હેકર્સ મીટઅપ'નું કરાયું આયોજન

ગુજરાત મિરર,
રાજકોટ તા.૨૯

આજની યંગ જનરેશન સાઈબર કાયદા અને ડિજિટલ ફોરેન્સિકક્સ અંગે સજાગ રહે એ હેતુએ આત્મીય યુનિવર્સિટીનાં કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈ.ટી. ડીપાર્ટમેન્ટ દ્વારા 'ધ હેકર્સ મીટઅપ' નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ચેપ્ટરમાં વિદ્યાર્થીઓ સાથે સાઈબર ક્રાઈમ વિષયક ચર્ચા થઈ હતી તેમજ સાઈબર ક્રાઈમથી બચવાનાં ઉપાયો તેમજ સાઈબર કાયદાઓ વિશેની વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

આ પ્રસંગે 'ધ હેકર્સ મીટઅપ' ચેપ્ટર, રાજકોટનાં કોર ટીમ મેમ્બર વિવેક ચંદ્રાસાલાએ ઉદઘાટન સત્રનું સંચાલન તેમજ Introduction to Digital Forensics વિષય પર માર્ગદર્શન આપ્યું હતું,

Zsec, રાજકોટનાં સી.ઈ.ઓ. હર્ષ ઠાકર એ Combating Deepfake તેમજ સાઈબર પ્રોટેક્ટર, રાજકોટનાં સી.ઈ.ઓ. નરેશ મકવાણાએ હાલના ઉદ્યોગોમાં સાઈબર સિક્યુરીટી વિષય પર વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

નિષ્ણાત સ્પીકર્સ સત્ર બાદ CTF (Capture The Flag) સ્પર્ધાનું આયોજન નિસર્ગ વેહાડવા અને વિવેક ચંદ્રાસાલા દ્વારા કરવામાં આવ્યું તેમાં CTF માં સ્ટેગનોગ્રાફી, EXIF, મેટાડેટા, બાઈનરી સ્ટ્રિંગ એડિટિંગ અને ક્રિપ્ટોગ્રાફી જેવા મુદ્દાઓને સમાવાયા હતા. CTF સ્પર્ધાના વિજેતા તરીકે કાર્તિક દૂંબડિયાએ ખિતાબ જીત્યો હતો.

આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીનાં આર. આઈ. એન્ડ ટી. ડાઈરેક્ટર ડો. આશિષ કોઠારી, ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈ.ટી ડિપાર્ટમેન્ટનાં હેડ ડો. પ્રકાશ ગુજરાતી વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિ સાથે ડિપાર્ટમેન્ટનાં તમામ ફેકલ્ટીનો સંપૂર્ણ સાથ અને સહકાર પ્રાપ્ત થયો હતો તેમજ આ કાર્યક્રમનું સફળ સંચાલન યશ ગોરસિયા અને યશ કોરાટનાં સફળ નેતૃત્વમાં થયું હતું.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University
Rajkot

Page No. 13

અબતક સાંધ્ય દૈનિક

Dt. 29/05/2024 Wednesday


# આત્મીય યુનિ.માં 'હેકર્સ મીટઅપ' વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ સામે કરાયા 'અવગત'

## સાયબર ક્ષેત્રના બનાવો ઉકેલવા વિદ્યાર્થીઓ વચ્ચે થઇ સ્પર્ધા

**અબતક, રાજકોટ**

આજની યંગ જનરેશન સાઈબર કાયદા અને ડિજિટલ ફોરેન્સિકસ અંગે સજાગ રહે એ હેતુએ આત્મીય યુનિવર્સિટીનાં 'કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈ.ટી' ડીપાર્ટમેન્ટ દ્વારા 'ધ હેકર્સ મીટઅપ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ચેપ્ટરમાં વિદ્યાર્થીઓ સાથે સાઈબર ક્રાઈમ વિષયક ચર્ચા થઈ હતી. જેમાં વોટ્સપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વગેરે જેવી સોશિયલ મીડિયા સાઈટ્સમાં ચેટીંગ સમયે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ? કેવા ફોટોઝ કે માહિતીઓ સોશિયલ મીડિયામાં શેર કરવા જોઈએ! અજાણ્યા મેઈલ કે લોભામણા મેસેજીસનાં રિસ્પોન્સ આપવા જોઈએ કે નહી? તેમજ સાઈબર ક્રાઈમથી બચવાનાં ઉપાયો તેમજ સાઈબર કાયદાઓ વિશેની વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

આ પ્રસંગે 'ધ હેકર્સ મીટઅપ' ચેપ્ટર, રાજકોટનાં કોર ટીમ મેમ્બર વિવેક ચંદ્રાસાલાએ ઉદ્ઘાટન સત્રનું સંચાલન તેમજ ડિજિટલ ફોરેન્સીકની સમજ વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. રાજકોટનાં સી..ઈ.ઓ. હર્ષ ઠાકરએ ડીપફેકની સામે સાવચેત તેમજ સાઈબર પ્રોક્ટેકટર, રાજકોટનાં સી.ઈ.ઓ. નરેશ મકવાણાએ હાલના ઉદ્યોગોમાં સાઈબર સિક્યુરીટી વિષય પર વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

નિષ્ણાત સ્પીકર્સ સત્ર બાદ કેપ્ચર ફ્લેગ સ્પર્ધાનું આયોજન નિસર્ગ વેહાડવા અને વિવેક ચંદ્રાસાલા દ્વારા કરવામાં આવ્યું તેમાં સ્ટેગનોગ્રાફી, મેટાડેટા, બાઈનરી સ્ટ્રિંગ એડિટિંગ અને ક્રિપ્ટોગ્રાફી જેવા મુદ્દાઓને સમાવાયા હતા. સ્પર્ધાના વિજેતા તરીકે કાર્તિક ટ્રંબડિયાએ ખિતાબ જીત્યો હતો. આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીનાં આર. આઈ. એન્ડ ટી. ડાયરેકટર ડો.આશિષ કોઠારી, ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈ.ટી ડિપાર્ટમેન્ટનાં હેડ ડો. પ્રકાશ ગુજરાતી વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિ સાથે ડિપાર્ટમેન્ટનાં તમામ ફેકલ્ટીનો સંપૂર્ણ સાથ અને સહકાર પ્રાપ્ત થયો હતો તેમજ આ કાર્યક્રમનું સફળ સંચાલન યશ ગોરસિયા અને યશ કોરાટનાં સફળ નેતૃત્વમાં થયું હતું.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University
Rajkot

Page No. 8

દેશ-પરદેશની આજકાલ

Dt. 29/05/2024 Wednesday


# આત્મીય યુનિવર્સિટી દ્વારા ધ હેકર્સ મીટઅપ ચેપ્ટર યોજાયું

## નિષ્ણાત માર્ગદર્શન તેમજ સાઈબર ક્ષેત્રે બનતા બનાવોને ઝડપથી ઉકેલવા વિદ્યાર્થીઓ વચ્ચે સ્પર્ધા યોજાઈ

આજકાલ કાર્યાલય
રાજકોટ

યંગ જનરેશન સાઈબર કાયદા અને ડિજિટલ ફોરેન્સિક્સ અંગે સજાગ રહે એ હેતુએ આત્મીય યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈટી ડીપાર્ટમેન્ટ દ્વારા ધ હેકર્સ મીટઅપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ચેપ્ટરમાં વિદ્યાર્થીઓ સાથે સાઈબર ક્રાઈમ વિષયક ચર્ચા થઈ હતી. જેમાં વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વગેરે જેવી સોશિયલ મીડિયા સાઈટ્સમાં ચેટીંગ સમયે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ? તેમજ સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો તેમજ સાયબર કાયદાઓ વિશેની વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

આ પ્રસંગે ધ હેકર્સ મીટઅપ ચેપ્ટર, રાજકોટના કોર ટીમ મેમ્બર વિવેક ચંદ્રસાલાએ ઉદ્ઘાટન સત્રનું સંચાલન તેમજ 'ઈન્ટ્રોડક્શન ટુ ડીજીટલ ફોરેન્સીક્સ' વિષય પર માર્ગદર્શન આપ્યું હતું.

ઝેડસેક, રાજકોટના સીઈઓ હર્ષ ઠાકરએ કોમ્બેટીંગ ડીપફેક તેમજ સાઈબર પ્રોટેક્ટર, રાજકોટના સીઈઓ નરેશ મકવાણાએ હાલના ઉદ્યોગોમાં સાઈબર સિક્યુરીટી વિષય પર વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતાં.

નિષ્ણાત સ્પીકર્સ સત્ર બાદ સીટીએફ (કેપ્ચર ધ ફ્લેગ) સ્પર્ધાનું આયોજન નિસર્ગ વેહાડવા અને વિવેક ચંદ્રસાલા દ્વારા કરવામાં આવ્યું તેમાં સ્ટેગનોગ્રાફી, ઈમેજફોરેન્સિક, મેટાડેટા, બાઈનરી સ્ટ્રિંગ એડિટિંગ અને ક્રિપ્ટોગ્રાફી જેવા મુદ્દાઓને સમાવાયા હતાં. સીટીએફ સ્પર્ધાના વિજેતા તરીકે કાર્તિક ટૂંબડિયાએ ખિતાબ જીત્યો હતો.

આ પ્રસંગે આત્મીય યુનિવર્સિટીના આર.આઈ. એન્ડ ટી. ડાઈરેક્ટર ડો.આશિષ કોઠારી, ફેકલ્ટી ઓફ કોમ્પ્યુટર સાયન્સ એન્ડ આઈટી ડિપાર્ટમેન્ટના હેડ ડો.પ્રકાશ ગુજરાતી વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિ સાથે ડિપાર્ટમેન્ટના તમામ ફેકલ્ટીનો સહકાર પ્રાપ્ત થયો હતો. તેમજ આ કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા. ગોરસિયા અને પ્રા. કોરાટના નેતૃત્વમાં થયું હતું.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University, Rajkot

| Page No. 4 | આઝાદ સંદેશ | Dt. 18/05/2024 Saturday |
|---|---|---|

# આત્મીય યુનિવર્સિટીમાં તા.૧ થી ૮ જુન સુધી જીવન વિદ્યા પરિચય શિબિરનું આયોજન

**દિવ્યપથ સંસ્થાન, અમરકંટકનાં સોમદેવ ત્યાગી અને આત્મિય યુનિવર્સિટી, CVMS ટીમના સભ્યો સમગ્ર શિબિરનું સંચાલન કરશે**

(આઝાદ સંદેશ), રાજકોટ : જીવન વિદ્યાએ માનવથી લઈને સમગ્ર માનવજાતિ સુધી નિરંતર અને સુખપૂર્વક જીવવાનો પ્રસ્તાવ છે. મનુષ્ય પોતાના જીવનમાં કોઈ ગુણાત્મક પરિવર્તન પ્રાપ્ત કરી શકે, વ્યક્તિ, પરિવાર અને સમાજમાં શાંતિથી અને સંબંધ પૂર્વક જીવી શકે, સમાજમાં સામાજિક કે આર્થિક રૂપે નિર્ભયતા પ્રાપ્ત કરી શકે તેમજ આ બધા કારણોથી પ્રકૃતિમાં પણ સંતુલન સ્થપાય તે એકમાત્ર જીવન વિદ્યાનો ઉદ્દેશ્ય છે. તેમજ ચેતના વિકાસ મૂલ્ય શિક્ષાના નામથી જીવનવિદ્યાના ભારતભરની શૈક્ષણિક સંસ્થાઓમાં ઘણા પ્રયોગ ચાલ્યા છે. આ શિબિર રાજકોટની આત્મીય યુનિવર્સિટીમાં યોજાવા જઈ રહી છે, ત્યારે દિવ્યપથ સંસ્થાન, અમરકંટક તરફથી સોમદેવ ત્યાગી આ શિબિરનું પ્રબોધન કરશે. તેઓ છેલ્લા બે દાયકાથી મધ્યસ્થ દર્શનનાં વિદ્યાર્થી અને સાધક છે. તેમણે સમગ્ર દેશમાં ૨૦૦થી પણ વધારે ૭ દિવસીય શિબિર કરેલી છે. તેઓએ એન્જિનિયરિંગનો અભ્યાસ કરેલ છે તેમજ TATA NELCO જેવી MNC કંપની સાથે કામ કરેલ છે. તેમજ આત્મિય યુનિવર્સિટી તરફથી CVMS Cellનાં સભ્યો આ સમગ્ર શિબિરનું સંચાલન કરશે. આ શિબિરનો લાભ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ઇન્ડસ્ટ્રીયાલિસ્ટ, ડોક્ટર, વકીલ, સી.એ. વગેરે બધા જ લઈ શકે છે તેમજ નવી એજ્યુકેશન પોલિસીમાં શિક્ષકોને ફેકલ્ટી ડેવલોપમેન્ટમાં પણ આ શિબિર ઘણી ઉપયોગી થઈ શકે છે તો તારીખ ૧ થી ૮ જુન દરમિયાન આત્મીય યુનિવર્સિટીનાં સ્ટેપ ઓડીટોરીયમમાં જીવન વિદ્યા શિબિર નિઃશુલ્ક યોજાવા જઈ રહી છે. જેનો સમય સવારે ૯થી સાંજે ૬ વાગ્યા દરમિયાન રહેશે. આ શિબિરમાં જોડાવા ઇચ્છુક સહભાગીઓ વહેલી તકે ૮૪૬૦૦૧૩૭૮૫ / ૯૮૭૯૩૭૨૨૬૯ રજીસ્ટ્રેશન કરાવી લેશો અથવા આત્મીય યુનિવર્સિટી, CVMS ડિપાર્ટમેન્ટનો સંપર્ક પણ કરી શકો છો.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University Rajkot

# આત્મીય યુનિવર્સિટીમાં તા. ૧ થી ૮ જુન જીવન વિદ્યા પરિચય શિબિર યોજાશે

(પ્રતિનિધિ દ્વાર) રાજકોટ તા.૧૯ આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશનથ અને તેની સંલગ્ન સંસ્થાઓમાં મૂલ્ય આધારિતશિક્ષણ હમેશા કેન્દ્ર સ્થાને રહ્યું છે, જીવન વિદ્યા એ માનવજીવનના આધ્યાત્મિક, બૌદ્ધિક, સામાજિક, ભૌતિક એમ દરેક આયામોને સ્પર્શતું તત્વજ્ઞાન છે. જે વ્યવહારિક, તાર્કિક, ભાષા શૈલી દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવે છે. જીવન વિદ્યા શિબિરમાં વ્યક્તિ, પરિવાર, રાષ્ટ્ર, આંતરરાષ્ટ્ર સહિતના મુદ્દાઓની ચર્ચાઓ થતી હોય છે. આ મુદ્દાઓ પ્રસ્તાવ ના માધ્યમથી લોકો સમક્ષ મુકવામાં આવે છે અને તેની વિષય વસ્તુ સાર્વભૌમિક હોવાથી શિબિરમાં ભાગ લેતા દરેક વર્ગને સરખી રીતે સ્વીકાર્ય બને છે. જીવન વિદ્યા શિબિર કોઈ ઉપદેશ કે વ્યાખ્યાનનો કાર્યક્રમ નહીં પરંતુ વસુધૈવ કુટુંબક્મ ને સાકાર કરવા માટેનું એક પગથિયું છે. આ શિબિર રાજકોટની આત્મીય યુનિવર્સિટીમાં યોજાવા જઈ રહી છે, ત્યારે દિવ્યપથ સંસ્થાન, અમરકંટક તરફથી સોમદેવ ત્યાગીજી આ શિબિરનું પ્રબોધન કરશે. તેઓ છેલ્લા બે દાયકાથી મધ્યસ્થ દર્શનનાં વિદ્યાર્થી અને સાધક છે. તેમણે સમગ્ર દેશમાં ૨૦૦ થી પણ વધારે ૭ દિવસીય શિબિર કરેલી છે. તેઓએ એન્જીનીયરીંગ નો અભ્યાસ કરેલ છે તેમજ TATA NELCO જેવી MNC કંપની સાથે કામ કરેલ છે. તેમજ આત્મિય યુનિવર્સિટી તરફથી CVMS Cell નાં સભ્યો આ સમગ્ર શિબિરનું સંચાલન કરશે. આ શિબિરનો લાભ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ, ડોક્ટર, વકીલ, સી.એ. વગેરે બધા જ લઈ શકે છે તેમજ નવી એજ્યુકેશન પોલિસીમાં શિક્ષકોને ફેકલ્ટી ડેવલોપમેન્ટમાં પણ આ શિબિર ઘણી ઉપયોગી થઈ શકે છે તો તારીખ ૧ થી ૮ જૂન દરમિયાન આત્મીય

Registrar
Atmiya University
Rajkot

Atmiya University, Rajkot

Page No. 10

પરિવર્તનનું પ્રતિબિંબ
ગુજરાત મિરર

Dt. 18/05/2024 Saturday

# આત્મીય યુનિવર્સિટીમાં ૧થી ૮ જૂન સુધી જીવન વિદ્યા પરિચય શિબિરનું આયોજન

■ દિવ્યપથ સંસ્થાન, અમરકંટકના સોમદેવ ત્યાગીજી અને CVMS ટીમના સભ્યો સમગ્ર શિબિરનુ કરશે સંચાલનઃ રજિસ્ટ્રેશન શરૂ

ગુજરાત મિરર, રાજકોટ તા.૧૮ આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશનથ અને તેની સંલગ્ન સંસ્થાઓમાં મૂલ્ય આધારિતશિક્ષણ હમેશા કેન્દ્ર સ્થાને રહ્યું છે, અહિ વ્યાવસાયિક શિક્ષા સાથે વિદ્યાર્થીઓ મૂલ્ય શિક્ષાપણ પ્રાપ્ત કરી શકે એ હેતુથી જીવન વિદ્યા ની સમજ ૨૦૧૪ થી તેઓને આપવામાં આવે છે તેમજ આત્મીય ઈન્સ્ટીટ્યુટમાં થતી જીવન વિદ્યાની શિબિરોને વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વવિદ્યાર્થીઓ, વાલીઓ, સમાજના પ્રતિષ્ઠિત લોકો તેમજ આ જીવનવિદ્યા શિબિરનાં સંપર્કમાં આવેલા અસંખ્ય લોકો તરફથી સારો એવો પ્રતિસાદ મળતો આવ્યો છે.

જીવન વિદ્યા એ માનવજીવનના આધ્યાત્મિક, બૌદ્ધિક, સામાજિક, ભૌતિક એમ દરેક આયામોને સ્પર્શતું તત્વજ્ઞાન છે. જે વ્યવહારિક, તાર્કિક, ભાષા શૈલી દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવે છે. જીવન વિદ્યા શિબિરમાં વ્યક્તિ, પરિવાર, રાષ્ટ્ર, આંતરરાષ્ટ્ર સહિતના મુદ્દાઓની ચર્ચાઓ થતી હોય છે. આ મુદ્દાઓ પ્રસ્તાવ ના માધ્યમથી લોકો સમક્ષ મુકવામાં આવે છે અને તેની વિષય વસ્તુ સાર્વભૌમિક હોવાથી શિબિરમાં ભાગ લેતા દરેક વર્ગને સરખી રીતે સ્વીકાર્ય બને છે. જીવન વિદ્યા શિબિર કોઈ ઉપદેશ કે વ્યાખ્યાનનો કાર્યક્રમ નહીં પરંતુ વસુધૈવ કુટુંબક્મ ને સાકાર કરવા માટેનું એક પગથિયું છે.

આ શિબિર રાજકોટની આત્મીય યુનિવર્સિટીમાં યોજાવા જઇ રહી છે, ત્યારે દિવ્યપથ સંસ્થાન, અમરકંટક તરફથી સોમદેવ ત્યાગીજી આ શિબિરનું પ્રબોધન કરશે. તેઓ છેલ્લા બે દાયકાથી મધ્યસ્થ દર્શનનાં વિદ્યાર્થી અને સાધક છે. તેમણે સમગ્ર દેશમાં ૨૦૦ થી પણ વધારે ૭ દિવસીય શિબિર કરેલી છે.

તેઓએ એન્જીનીયરીંગ નો અભ્યાસ કરેલ છે તેમજ TATA NELCO જેવી MNC કંપની સાથે કામ કરેલ છે. તેમજ આત્મિય યુનિવર્સિટી તરફથી CVMS Cell નાં સભ્યો આ સમગ્ર શિબિરનું સંચાલન કરશે.

આ શિબિરનો લાભ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ, ડોકટર, વકીલ, સી.એ. વગેરે બધા જ લઈ શકે છે તેમજ નવી એજ્યુકેશન પોલિસીમાં શિક્ષકોને ફેકલ્ટી ડેવલોપમેન્ટમાં પણ આ શિબિર ઘણી ઉપયોગી થઈ શકે છે તો તારીખ ૧ થી ૮ જૂન દરમિયાન આત્મીય યુનિવર્સિટીનાં સ્ટેપ ઓડીટોરીયમમાં જીવન વિદ્યા શિબિર નિઃશુલ્ક યોજવા જઈ રહી છે. જેનો સમય સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા દરમિયાન રહેશે. આ શિબિરમાં જોડાવા ઈચ્છુક સહભાગીઓ વહેલી તકે ૮૪૬૦૦૧૩૭૮૫ / ૯૮૭૯૩૭૨૨૬૯ રજીસ્ટ્રેશન કરાવી લેશો અથવા આત્મીય યુનિવર્સિટી, CVMS ડિપાર્ટમેન્ટનો સંપર્ક પણ કરી શકો છો.

Registrar
Atmiya University
Rajkot

Atmiya University
Rajkot

Page No. 9

અબતક સાંધ્ય દૈનિક

Dt. 18/05/2024 Saturday

# આત્મીય યુનિવર્સિટીમાં ૧ જૂનથી જીવન વિદ્યા પરિચય શિબિરનો પ્રારંભ

## જીવન વિદ્યા શિબિરનો ઉપદેશ ''વસુધૈવ કુટુંબકમ્''ને સાકાર કરવાનો

**અબતક, રાજકોટ**

'આત્મીય ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન' અને તેની સંલગ્ન સંસ્થાઓમાં મૂલ્ય આધારિત શિક્ષણ હમેશા કેન્દ્ર સ્થાને રહ્યું છે, અહિ વ્યાવસાયિક શિક્ષા સાથે વિદ્યાર્થીઓ મૂલ્ય શિક્ષા પણ પ્રાપ્ત કરી શકે એ હેતુથી જીવન વિદ્યા ની સમજ ૨૦૧૪ થી તેઓને આપવામાં આવે છે તેમજ આત્મીય ઈન્સ્ટીટ્યુટમાં થતી જીવન વિદ્યાની શિબિરોને વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ, સમાજના પ્રતિષ્ઠિત લોકો તેમજ આ જીવનવિદ્યા શિબિરનાં સંપર્કમાં આવેલા અસંખ્ય લોકો તરફથી સારો એવો પ્રતિસાદ મળતો આવ્યો છે.

